ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૯ ટકા

# શહેરમાં ગાંધી જયંતિએ યોજાશે પેઈન્ટિંગ ફેસ્ટિવલ

## આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજિત વૉલ પેઈન્ટિંગ ફેસ્ટિવલમાં શહેરના ચિત્રકારો આદિવાડા પ્રાથમિક શાળામાં જનજાગૃતિ આધારિત ચિત્રો દોરશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર સરકારી શાળામાં પેઈન્ટિંગ ફેસ્ટિવલ ઉજવાશે. આપણું ફાઉન્ડેશન દ્વારા આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને સેકટર-૨૮માં આદિવાડા સરકારી પ્રાથમિક શાળામાં તા. ૨જી ઓકટોબર ગાંધી જયંતિના દિવસે સવારે ૮ વાગ્યાથી વૉલ પેઈન્ટિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર તથા આસપાસના વિસ્તારના ચિત્રકારો ભાગ લેશે. આ પ્રસંગે સંસ્થા દ્વારા શાળાને સીસીટીવી કેમેરાનું લોકાર્પણ કરાશે.

ગાંધી જયંતિના વિશેષ દિવસે શહેરની સરકારી સ્કૂલમાં સૌ પ્રથમવાર આ પ્રકારના પેઈન્ટિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેકટર સતિષ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી તથા ડેપ્યુટી કમિશનર જે.બી. બારૈયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ ફેસ્ટિવલમાં આદિવાડા સરકારી પ્રાથમિક શાળામાં કંપાઉન્ડ વૉલના અંદરના ભાગે વિવિધ થીમ આધારિત ચિત્રો દોરવામાંઆવશે. જેમાં વ્યકિગત ચિત્રકારો ઉપરાંત સંસ્થાઓ, કોર્પોરેટ કંપનીઓ અથવા સરકારી વિભાગો પણ ભાગ લઈ શકશે. પેઈન્ટિંગ ફેસ્ટિવલમાં શિક્ષણ, સ્વચ્છતા, પર્યાવરણ, વિજળી બચાવો, કુદરતી સંશાધનો બચાવો સહિત વિવિધ જનજાગૃતિ આધારિત વિષયો પર ચિત્રો દોરવામાં આવશે અને કાર્યક્રમના અંતમાં વિજેતાઓને રોકડ પુરસ્કારથી સન્માનવામાં આવશે.

### શાળાને સીસીટીવી કેમેરાની ભેટ મળશે

પેઈન્ટિંગ ફેસ્ટિવલ પ્રસંગે આપણું ફાઉન્ડેશન દ્વારા આદિવાડા પ્રાથમિક શાળામાં સીસીટીવી કેમેરાની ભેટ આપવામાં આવનાર છે. આ સીસીટીવી કેમેરા સમગ્ર શાળા સંકુલનું કવરેજ કરે તે રીતે લગાડાશે. જિલ્લા કલેકટર સતિષ પટેલના હસ્તે સીસીટીવી કેમેરાનું લોકાર્પણ કરાશે.

### ભાગ લેવા વ્હોટસએપ મેસેજ કરો

આપણું ફાઉન્ડેશન આયોજિત પેઈન્ટિંગ ફેસ્ટિવલમાં દરેક ચિત્રકારને કમ્પાઉન્ડ વોલનો ૬ટ૬ ફુટનો એરિયા ફાળવવામાં આવશે જયાં તેમણે પોતાનું ચિત્ર દોરવાનું રહેશે. આ ફેસ્ટિવલના અંતે પ્રથમ ક્રમાંકે વિજેતા ચિત્રકારને રૂ. ૧૧,૦૦૧, દ્વિતિય ક્રમે વિજેતા ચિત્રકારને રૂ. ૫,૦૦૧ અને તૃતીય ક્રમે વિજેતા ચિત્રકારને રૂ. ૨,૧૦૧ના રોકડ ઈનામોથી સન્માનવામાં આવશે. આ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે મો.નં. ૯૧૫૭૧૫૮૧૫૮ પર વ્હોટસએપ મેસેજ કરવાનો રહેશે.




જીએનએલયુ ખાતે જીએનએસયુ એર એન્ડ સ્પેસ એકેડમી : ગાસ્લા-૨૦૧૭ના કાર્યરત દ્વિતિય સત્રને ગાંધીનગર સ્થિત સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ-સ્વાકના એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ એરમાર્શલ આર.કે. ધીરે સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે તેમણે વૈશ્વિક સેટિંગ્સ ઓફ સ્પેસ ટેકનોલોજી, સ્પેસ લૉ અને સ્પેસ સુરક્ષાને અંતર્ગત ભારતીય તજજ્ઞો તથા નીતિ ઘડવૈયાઓ દ્વારા આપણા સ્પેસ પ્રોગ્રામ સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મુકયો હતો. ગાસ્લા ૨૦૧૭માં સ્વાકના વિવિધ એર સ્ટેશનના પાંચ અધિકારીઓને આ પ્રસંગે ઉપસ્થિત રખાયા હતા.

## ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા.૧૮

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ચાલુ વર્ષે માર્ચ ૨૦૧૭થી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીના સમયમાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓનું શિલ્ડ તથા પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવનાર છે. એસએસસી, એચએસસી, સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ, કોઈ પણ શાખાના સ્નાતક-અનુસ્નાતક, મેડીકલ-આયુર્વેદ-હોમિયોપેથી-ડેન્ટલ-એન્જીનીયરીંગની કોઈ પણ ફેકલ્ટી અને અન્ય વિશિષ્ટ ડિગ્રી મેળવેલ હોય તેઓએ તે અંગેની માહિતીના ફોર્મ સંસ્થાના દરેક ગામના હોદ્દેદારો, કારોબારી સભ્યો, આ.કા. સભ્યો તેમજ સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડ, મહામંત્રી કનુભાઈ મેહરીયા અને સાંસ્કૃતિક અધ્યક્ષ ચતુરભાઈ કાલિદાસ પરમારનો સંપર્ક કરી મેળવી ભરેલ ફોર્મ તા. ૧૦-૦-૧૭ સુધીમાં મોકલી આપવાના રહેશે. તે ઉપરાંત સરકારી સેવામાંથી તા. ૧-૧૦-૧૬ થી ૩૧-૧૦-૧૭ સુધીના સમયમાં નિવૃત્ત થયેલા કર્મચારીઓનું પણ સન્માન કરવાનું હોઈ તેની પણ જરૂરી માહિતી આપવાની રહેશે તેમ સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડે જણાવ્યું છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને સુરતના ધારાસભ્ય હર્ષ સંઘવી દ્વારા ૯૦૦ જેટલા દિવ્યાંગ બાળકોને દત્તક લેવાના સદકાર્યને લંડનની 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ'માં સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રસંગે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત હેડ તથા ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી અને કો-ઓર્ડિનેટર દિવ્ય ત્રિવેદીએ જાણીતા બોલીવુડ ગાયક કૈલાશ ખેરની ઉપસ્થિતિમાં હર્ષ સંઘવીને પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.

## વાતવાતમાં

● ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં બેટરી વાળી સોલાર સ્ટ્રીટ લાઈટો લગાડાઈ છે તેમાંથી મોટા ભાગની બંધ હાલતમાં છે. હાલ નવરાત્રિ ટાણે જ સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી વસાહતીઓ આ લાઈટો કેવી રીતે ચાલુ થાય તેની મથામણમાં પડયા છે.

● શહેરમાં ઓનલાઈન વર્ચ્યુઅલ કરન્સી બીટકોઈન સહિત અનેકમાં અસંખ્ય શહેરીજનોએ રોકાણ કર્યુ છે. તાજેતરમાં બીટ કોઈનમાં આવેલા મોટા કડાકાને પગલે આ રોકાણકારોમાં ભયની સ્થિતિ પ્રવર્તી રહી છે.

● શાળાઓમાં પરીક્ષાઓ પાછી ઠેલાતા વિદ્યાર્થીઓમાં રાહત ફેલાઈ હતી પરંતુ હાલ નવરાત્રિ ઉત્સવને પગલે બાળકોને પરીક્ષાની તૈયારીઓમાં અસર પડશે તે ભયે વાલીઓ ચિંતાગ્રસ્ત બન્યા છે. બીજી તરફ કોલેજોમાં હાલ પરીક્ષાઓ ચાલુ હોઈ પરીક્ષા પતાવી નવરાત્રિમાં ગરબે ઘુમવા યૌવનધન થનગની રહ્યું છે.

## સાદરા વિદ્યાપીઠ હોસ્ટેલમાં એક યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના સાદરા વિદ્યાપીઠ હોસ્ટેલ ખાતે ગઈ મોડી રાત્રે એક યુવાને હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈ આ બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના સાદરા વિદ્યાપીઠ ખાતે ભાવનગર જિલ્લાના શિહોરનો સ્નેહ રમેશભાઈ રાઠોડ ઉં.વ.-૩૦ અભ્યાસ કરતો હતો અને હોસ્ટેલમાં રહેતો હતો. ગઈકાલે મોડી રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં હોસ્ટેલના રૂમમાં અગમ્ય કારણોસર યુવાન વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને જીવનલીલા સંકેલી લીધી હતી. આ ઘટનાને પગલે સમગ્ર સાદરા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ પરિવારને થતા માથે આભ તુટી પડ્યું હતું. ચિલોડા પોલીસ સ્થળ પર પહોંચીને મૃતદેહ પી.એમ. અર્થે મોકલી આપી અકસ્માત મોતનો ગુનોં દાખલ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જો કેહજુ સુધી યુવાનના આપઘાત કરવા પાછળનું કારણ જાણી શકાયું નથી.

## જય અંબે પરિવાર દ્વારા નવરાત્રીમાં નવાર્ણ મંત્રલેખન આરાધના

ગાંધીનગર, તા.૧૮

નવરાત્રી એટલે મા નવદુર્ગાની પુજા-અર્ચના, અનુષ્ઠાન, ઉપવાસ, ધ્યાન, મંત્રજાપ, મંત્રલેખન, ગરબા વગેરે દ્વારા આરાધના કરવાના દિવસો. શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે દર વર્ષે સવા કરોડ નવાર્ણમંત્ર લેખનની પ્રવૃત્તિ પરિવારના ગુપ્તદાતા વર્ગના અનેરા સહયોગથી કરવામાં આવે છે. એમાં નવલી નવરાત્રીમાં માતાજીના મંત્રલેખન કરવાનો મહિમા સવિશેષ છે. તો પરિવાર દ્વારા નવાર્ણમંત્ર મંત્રલેખન બુક અને લાલપેનનું વિતરણ નીચેના કેન્દ્ર કરથી વિના મૂલ્યે કરવામાં આવનાર છે. લલિતભાઈ એસ. પટેલ, પ્લોટ નં. ૯૭૬/૧, સે-૧૩ બી, વિષ્ણુભાઈ જે. પટેલ પ્લોટ નં. ૫૬૨/૨ સે-૨૨, અશોકભાઈ એચ. મિસ્ત્રી પ્લોટ નં. ૨૯૦ એસ/૨ સે-૨૦, ચંદ્રેશભાઈ વી. ગાંધી પ્લોટ નં. ૯૩૮/૧ સે-૭-સી, સતિષભાઈ ટી. પટેલ પ્લોટ નં. ૮૫૦/૨ સે-૪-સી, અશોકભાઈ એ. પટેલ પ્લોટ નં. ૩૬૮/૨ કિસાનનગર સે-૨૬ અને સુરેશભાઈ એન. પારેખ પ્લોટ નં. ૩૩૨/૨ સે-૨-બી.

નવાર્ણમંત્ર લેખન દ્વારા 'મા'ની આરાધના કરવા માંગતા ભાવિકોને આમાંથી કોઈ પણ કેન્દ્ર પરથી મંત્રલેખન બુક અને પેન મેળવી, શ્રધ્ધા અને પવિત્રતાપૂર્વક મંત્રલેખન કરી સમય મર્યાદામાં પરત જમા કરવા શ્રી જય અંબે પરિવારના મહામંત્રી વિણુભાઈ જે. પટેલે જણાવ્યું છે.

## ગ-૨ ખાતે પાર્લર માલિકને અસામાજીક તત્વોએ માર માર્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ગ-૨ સ્થિત પાર્લર માલિકને દુકાન પર જઈને તમારા છોકરાએ છોકરીની છેડતી કરી છે તેના સમાધાન પેટે રૂ. ૫ લાખની માંગણી કરી હતી. ત્યારબાદ દુકાનદાર અને અસામાજીક તત્વો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થતા અસામાજીક તત્વોએ પાર્લર માલિક અને દિકરાઓને ધોકાથી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પાર્લર માલિકે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ વી.એમ.દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૪ બી પ્લોટ નં- ૧૧૬૨-૨ ખાતે રહેતા નાથાભાઈ દેશાભાઈ મોવડીયા ગ-૨ ખાતે પાર્લરની દુકાન ધરાવે છે. તેઓ પરિવાર સાથે સેકટર-૪ ખાતે રહે છે. ગતરોજ રાતના ૯.૩૦ વાગ્યાના અરસામાં સેકટર-૬ બી ખાતે રહેતા ગૌરવ વાઘેલા અને વિશાલ વાઘેલા તેમજ અન્ય એક શખ્સ સાથે આવ્યો હતો. અને દુકાન માલિક નાથાભાઈને જણાવ્યું હતું કે તમારા દિકરા કેતને એક છોકરીની છેડતી કરી છે જેથી તેના સમાધાન પેટે રૂ. ૫ લાખ આપવા પડશે તેમ જણાવી પાર્લર પર પૈસાની માંગણી કરી હતી. જેથી નાથાભાઈ અને ગૌરવ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. જેમાં ગૌરવ, વિશાલ અને અન્ય એક શખ્સે ધોકા વડે નાથાભાઈ, કેતન અને તેના ભાઈ સંજયને માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મારામારીમાં નાથાભાઈના દિકરા સંજયને હાથે ફ્રેકચર થવા પામ્યું છે. અસામાજીત તત્વોનો રોષ વેપારીને માર્યો છતા શાંત ન પડતા તેની ગાડીને નિશાન બનાવી અને ગાડીના કાચ તોડી નાંખ્યા હતા. આ બનાવ અંગે નાથાભાઈએ સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ વી.એમ.દેસાઈએ બે શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેલ મહાકુંભમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રાજય કક્ષા માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા.૧૮

રાજય સરકાર દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

કબડ્ડી - ૧૨ ખેલાડીઓની ટીમ જિલ્લામાં પ્રથમ આવતા રાજય કક્ષા માટે પસંદગી સાથે રૂ. ૩૬.૦૦૦ પુરસ્કાર.

દોડમાં ૧૦૦ મીટરમાં હઠીલા સાહિલ પારૂભાઈ જિલ્લામાં દ્વિતીય, તેમજ ૨૦૦ મીટર અને ૬૦૦ મીટરમાં ચૌધરી ભાર્ગવ પ્રતાપભાઈ જિલ્લામાં પ્રથમ આવતા રાજય કક્ષાએ પસંદગી અને રૂ. ૩૦૦૦ પુરસ્કાર.

જુડોમાં પરમાર સ્નેહ નરેન્દ્રભાઈ જિલ્લામાં પ્રથમ, રાજય કક્ષા માટે પસંદગી સાથે રૂ. ૫૦૦૦ પુરસ્કાર.

સ્કેટીંગમાં ૨૦૦ મીટર અને ૬૦૦ મીટરમાં ચંડીસરા ક્રિશ્ના પરબતસિંહ જિલ્લામાં દ્વિતીય, રાજયકક્ષા માટે પસંદગી અને રૂ. ૫૦૦૦ પુરસ્કાર તથા ગોળાફેંકમાં દરજી દર્શિલ સંજયભાઈ તાલુકા કક્ષાએ દ્વિતીય આવેલ છે. તમામ ઈનામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા નીવાબેન પટેલ તથા સ્ટાફ પરીવારે અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આશીર્વાદ પાઠવ્યા છે.

## વડનગરા નાગર મંડળનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગરનો વર્ષ ૨૦૧૭નો અભિવાદન કાર્યક્રમ તા. ૧૭-૦૯-૨૦૧૭ રવિવારના રોજ ઈજનેરી સ્ટાફ કૉલેજ સેકટર-૧૭ ખાતે યોજાઇ ગયો. વડનગરા નાગર જ્ઞાતિના ભૂલકાંઓ, યુવાનો અને વડિલોની હાજરીથી હૉલ ખીચોખીચ ભરાઇ ગયો હતો. સમારંભના મુખ્ય મહેમાન અને તાજેતરમાં શ્રેષ્ઠ કોલમ રાઈટર તરીકેનો સૌથી પ્રથમ હરોળનો સ્પેશિયલ જયુરી એવૉર્ડ વિજેતા, "ગુજરાત સમાચાર" નાં સિનિયર પત્રકાર અને લોકપ્રિય કોલમ લેખક શ્રી ભવેનભાઇ કચ્છી ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે સમસ્ત નાગર જ્ઞાતિના ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વર






દાદાના વડનગર ખાતે સ્થિત શ્રી હાટકેશ્વર મંદિરના પુજારી પૂજ્ય શ્રી જયંતભાઇ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. બન્ને મહાનુભાવો દ્વારા વડનગરા નાગર જ્ઞાતિના તેજસ્વી યુવાધનને બિરદાવવામાં આવ્યા હતા. નર્સરીથી ધોરણ-૪ના નાનાં ભૂલકાંઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. ધોરણ-૫ થી અનુસ્નાતક કક્ષાએ જ્વલંત સફળતા મેળવનાર જ્ઞાતિના બાળકોને બિરદાવવામાં આવ્યાં. વિશિષ્ટ સિદ્ધિ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન, પ્રયોગો, પ્રોજેક્ટ્સ, રમત ગમત અને સાહિત્ય ક્ષેત્રે મેળવેલ સિદ્ધિ બદલ જ્ઞાતિજનોનું બહુમાન કરવામાં આવ્યું હતું. સેવા નિવૃત્ત થયેલા વડિલોને સન્માનિત કરવામાં આવ્યા તથા લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓનું અને જીવનના સાડા સાત દાયકા પૂર્ણ કરનાર વડિલોનું કચ્છી શાલ અને મેમેંટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન ભવેનભાઇ કચ્છીએ તેમનાં પ્રસંગોચિત ઉદ્દબોધનમાં જ્ઞાતિના યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં આગળ આવે અને જ્વલંત સિદ્ધિ મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી અને અતિથિ વિશેષ પૂજ્ય શ્રી જયંતભાઇ પંડયાએ હાટકેશ્વરાષ્ટકમનું સમુહગાન કરાવી આશિર્વચનો પાઠવ્યાં હતાં. અભિવાદન કાર્યક્રમને સફળ બનાવવા શ્રી વડનગરા નાગર જ્ઞાતિના નવનિયુક્ત યુવા પ્રમુખ પ્રહર જસ્મીનભાઇ અંજારીયા અને તેની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રણવ કે મસાની**

**ગાંધીનગર ગમે**

લીલોતરીથી ભરપુર પહેલી નજરે જ આંખને ગમે તેવું શહેર ઉપરાંત ગુજરાતનું સૌથી શ્રેષ્ઠ શહેર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

દરેક રાજયના પ્રતિનિધિઓનો મેળો એટલે ગાંધીનગર.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેક પ્રકારની સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જ ગાંધીનગરની ઓળખ છે. એના કર્તા સૌને હાર્દિક અભિનંદન સહ સલામ.

**નગરને બહેતર બનાવવા**

ગરીબોની સેવા, યુવાનોનો વિકાસ, રોજગારી, સ્વચ્છતા, ટ્રાફિક અવેરનેસની જરૂરિયાત લાગે છે.

**નગર માટે હું કરી શકું**

સેવાકીય પ્રવૃત્તિઓ માટે મારું યોગદાન શહેરને આપવા માટે હું હરહંમેશ તૈયાર છું.

## સેકટર-૨૮/૨ની શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેકટનું લોકાર્પણ

### બાળકોને પ્રોજેકટરથી અભ્યાસી કોર્ષનો વિડિયો અને ચિત્રો દર્શાવી રૂચી વધે તેવો અભિગમ : પસંદ થયેલી શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેકટ સરકારના પ્રયાસોથી શરુ કરાયા

ગાંધીનગર, તા.૧૮

સર્વ શિક્ષા અભિયાન દ્વારા ગાંધીનગર જિલ્લાની પસંદ થયેલી શાળાઓમાં પ્રોજેકટર દ્વારા અભ્યાસી પ્રવૃત્તિ હાથ ધરવાની પહેલ કરાઈ છે. જેમાં ગાંધીનગરની સેકટર-૨૮/૨ની પ્રાથમિક શાળામાં આ પ્રવૃત્તિને જ્ઞાનકુંજ પ્રોજેકટ તરીકે રજુ કરી લોકાર્પણ કરાયું છે. શાળાના બાળકો પણ જ્ઞાનકુંજ પ્રોજેકટના આ નવતર પ્રયોગથી આકર્ષાઈને અભ્યાસલક્ષી બાબતોમાં રસ લેતા થયા છે જેથી સરકારનો આ અભિગમ પરિણામલક્ષી બનશે તેવો આશાવાદ ઉભો થયો છે.

સરકારના સર્વ શિક્ષા અભિયાન દ્વારા સેકટર-૨૮/૨ની પ્રાથમિક શાળામાં શિક્ષક દિને પાલિકાના કોર્પોરેટર નીલાબેન શુકલના વરદ હસ્તે આ જ્ઞાનકુંજ પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નીલાબેન શુકલ એ વર્ગખંડમાં જઈ બાળકોને જ્ઞાનકુંજ પ્રોજેકટ અંગે જીવંત માહિતી પુરી પાડીને શિક્ષક મિલનભાઈ પટેલ દ્વારા લેવાતા વિજ્ઞાન વિષયનો પાઠ પ્રોજેકટ મારફતે સરસ રીતે ચલાવીને બાળકોને સમજાવ્યા હતા. અભ્યાસી કોર્ષમાં આવતા પાઠ અને લેસનના વીડીયો અને ચિત્રો બાળકો સામે દર્શાવીને બાળકોનું મન અભ્યાસમાં પરોવાય અને અભ્યાસ પ્રત્યે રૂચી વધે તેવા આ જ્ઞાનકુંજ પ્રોજેકટના હેતુ અંગે સમજ આપી હતી. જેમાં શાળાના આચાર્યબેન તથા શિક્ષણગણે પણ આ સરકારની પહેલને આવકારીને બાળકોને સારુ શિક્ષણ પ્રાપ્ત થશે તેવો સંતોષ અને આનંદ વ્યકત કર્યો હતો.



## ઉદયભાણસિંહજી ઈન્સ્ટીટયુટ ખાતે હિન્દી પખવાડીયાનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ સે-૩૦, ગાંધીનગર ખાતે તા. ૧૪ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન હિન્દી દિવસ/હિન્દી પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહનું ઉદઘાટન તા. ૧૫-૯-૨૦૧૭ના રોજ સંસ્થાના ડાયરેકટર એચ.એસ. કે તંગિરાલા અને ગાંધીનગર નાગરિક સહકારી બેંક લી.ના બે જનરલ મેનેજર હરેશભાઈ પંચાલ અને ગોવિંદભાઈ પટેલના હસ્તે કરાયું હતું. વિનોદકુમાર પાંડેએ હિન્દી દિવસ/હિન્દી પખવાડિયા અંતર્ગત સંસ્થાનમાં આયોજિત વિવિધ સ્પર્ધાઓની માહિતી આપી હતી. અંતમાં પીજીડીએમ કોર્સના કો ઓર્ડીનેટર નીલુ પાંડેએ સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. શારદાબા રજુજી વાઘેલા, ઉ.વ. ૭૦
- સ્વ. ગણેશજી રાણાજી ઠાકોર, ઉ.વ. ૫૫